

ગાંધીનગરમાં ઠેર ઠેર જોવા મળતી ગંદકી અને કચરાના ઢગલા શહેરની શોભાને બટ્ટો લગાડી રહ્યા છે. સફાઈ કર્મચારીઓને દરેક સેકટરમાં કામે લગાડવામાં આવ્યા છે તેમ છતાં ગંદકીના થર દૂર થતાં નથી. સેકટર-૬માં ભુવનેશ્વર મહાદેવ મંદિરમાં બાજુમાં આવેલો રોડ ગંદકીથી ખદબદી રહ્યો છે. અહીંથી પસાર થવું પણ મુશ્કેલ બન્યું છે.

# શહેરના ઘ-૪ વિસ્તારમાં અન્ડરપાસને અનુલક્ષી માર્ગ બ્લોક કરી દેવાયો

**ઘ-૪ પાસેથી સર્વિસ રોડ તરફનુ ડાયવર્ઝન પણ બંધ કરાયુ : ગ માર્ગ પર થઇને વાહનચાલકોએ જવુ પડે છે**

ગાંધીનગર તા ૧૨

શહેરમાં અન્ડરપાસની કામગીરી પ્રગતિ હેઠળ છે. જયારે ઘ માર્ગ પર અન્ડરપાસની કાર્યયોજના આગળ વધતા હાલ નગરના ઘ માર્ગને ઘ-૪ પાસે બન્ને તરફ બ્લોક કરી દેવાયો છે. જેના લીધે સે-૧૬ તરફના સર્વિસ રોડ તરફ જવાનુ ડાયવર્ઝન પણ બંધ કરી દેવાયુ છે. હાલ ઘ-૪ તરફથી ગ માર્ગ પર વાહનો પસાર થઈ રહ્યા છે.

શહેરમાં ઘ માર્ગ પર અન્ડરપાસના નિર્માણની કામગીરી ચાલી રહી છે. જેના લીધે છેલ્લા ૬ મહીનાથી આ માર્ગ પર ડાયવર્ઝન અપાયુ છે હાલ શહેરના ઘ-૪ વિસ્તારમાં સર્કલ દુર કરાયા બાદ અન્ડર પાસનુ કામ પ્રગતિ હેઠળ છે. જયારે હાલ સે-૧૬ ના સાંકડા સર્વિસ માર્ગ પર ટ્રાફિક ડાયવર્ટ કરાયો છે. જયારે અન્ડરપાસની યોજના અન્વયે કામ આગળ વધતા હાલ શહેરના આ વિસ્તારમાં



ઘ માર્ગ પર બન્ને તરફની અવરજવર બંધ કરી દેવામાં આવી છે. જયારે ઘ-૪ સર્કલથી ગ માર્ગ તરફ જવા માટે માર્ગને ડાયવર્ટ કરાયો છે. જેથી છેલ્લા બે દિવસથી વરસાદી સિઝનનમાં અન્ડર પાસની કામગીરીને અનુલક્ષી ખોદકામ તેમજ ડાયવર્ઝનના લીધે માર્ગ સલામતી જોખમમાં ન મુકાય તેનો પણ વિશેષ ખ્યાલ રાખવામાં આવી રહ્યો છે. શહેરના ઘ માર્ગની જેમ ગ માર્ગ પર પણ આગામી દિવસોમાં અન્ડરપાસનુ કામ શરૂ કરવામાં આવશે. હાલ ગ માર્ગને સિકસલેન બનાવાની યોજના હાથ ધરાઈ છે. નગરના ઘ માર્ગ પર આમ પણ ટ્રાફિકનુ પ્રમાણ વધુ જોવા મળે છે. આ માર્ગ આસપાસના વિસ્તારમાં વિશાળકાય ઉદ્યોગ ભવનનુ બિલ્ડીંગ તેમજ કલેકટર કચેરી પણ કાર્યરત હોવાથી રોજ ટ્રાફિકની વિશેષ અવરજવર રહે છે ત્યારે સે-૧૬ ના સાંકડા માર્ગ પર સ્થિત કોર્મશિયલ કોમ્પેલક્ષના લીધે પાર્કીંગની સમસ્યા વધુ પેચીદી બની છે. જયારે રોજબરોજ ટ્રાફિક જામના દ્રશ્યો પણ જોવા મળતા હતા. જો કે અન્ડરપાસની આગળની કામગીરીને અનુલક્ષી હાલ ઘ માર્ગને ઘ-૪ થી બન્ને બાજુ બ્લોક કરી દેવાયો છે. જેના લીધે શહેરના હાર્દ સમા વિસ્તારમાં જ ટ્રાફિકનો સિનારીયો બદલાયો છે. વાહનચાલકો ગોથે ચઢે છે.



## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં થઈ રહેલા વરસાદથી ખેડૂતોમાં ખુશીનો માહોલ જામ્યો છે.
- રાજયમાં સનદી અધિકારીઓની બદલીનો ગંજીફો હવે પેટા-ચૂંટણીઓ પછી ચીપાશે તેવી વાતો સચિવાલયની ગલીયારીઓમાં સાંભળવા મળી રહી છે.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે રજાના દિવસે પણ અધિકારીઓ ફરતા જોવા મળ્યા હતા.
- આજે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ગાંધીનગર જિલ્લાના નવનિર્મિત આંબેડકર કુમાર છાત્રાલયનુંઈ.લોકાર્પણ કરશે.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારને એસ.ટી. બસની સુવિધાથી સાંકળવાની માંગણી પ્રબળ બની ઉભરી રહી છે.
- શાકભાજીના ભાવોમાં રૂ. ૧૦ થી ૧૫નો વધારો થતાં ગૃહીણોનું બજેટ ખોરવાયુ છે.

## ઝુંડાલ ગામે જુગાર રમતા ૩ ઝડપાયા

ગાંધીનગર નજીક આવેલા ઝુંડાલ ગામના ખેતરમાંથી જુગાર રમતા ત્રણ શકુની પોલીસના હાથે પકડાયા છે. અડાલજ પોલીસ બાતમીને પગલે રેઈડ પાડીને ખેતરમાં જુગાર રમી રહેલા ચાંદખેડાના રતિભાઈ ભુલાભાઈ પટેલ, દિપકભાઈ મણીભાઈ પટેલ, બિપિનભાઈ પ્રહલાદભાઈ નાયક ને જુગાર રમતા રંગેહાથ પોલીસે પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓ પાસેથી રોકડ રૂ.૧૨,૭૦૦ જપ્ત કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

## મારું એક જ લક્ષ્ય છે કોંગ્રેસને સત્તામાં લાવવી : હાર્દિક પટેલ

**ઉપેક્ષિત વર્ગો, ખેડૂતો અને યુવાનોનો અવાજ બનીશું : વર્ષ ૨૦૨૨ પહેલા ગુજરાતના ૧૬૦૦૦ ગામડાઓમાં ફરીશ અને પાર્ટીના કાર્યકર્તાઓને મળીશ : હાર્દિક પટેલ**

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ પદ પર વરણી થયેલા હાર્દિક પટેલ ભલે કહે કે તેનું લક્ષ્ય ૨૦૨૨માં ગુજરાતમાંથી ભાજપને સત્તાના સિંહાસનથી ઉતારીને કોંગ્રેસને સત્તામાં લાવવાનું છે પરંતુ હકીકતમાં પહેલી ચેલેન્જ તો ગુજરાતમાં તૂટી રહેલી કોંગ્રેસને બચાવવાની અને આંતરિક કલહને થાળે પાડવાની છે. હાર્દિકે કહ્યું કે હું ગુજરાત કોંગ્રેસના કાર્યકર તરીકે રાજ્યના ૧૬૦૦૦ ગામડાઓમાં ફરીશ અને રાજ્યમાં કોંગ્રેસનો પાયો મજબૂત કરીશ. આગામી વિધાનસભા ચૂંટણીમાં મારું લક્ષ્ય કોંગ્રેસને સત્તા સ્થાને લાવવાનું છે.



- મારી એક જ પ્રાથમિક્તા છે ગુજરાતમાં ૨૦૨૨માં કોંગ્રેસને સત્તાની દોરી આપવી અને મને વિશ્વાસ છે કે આગામી વિધાનસભા ચૂંટણીમાં ગુજરાત કોંગ્રેસ આ લક્ષ્ય હાંસીલ કરશે. જયારે મારું હાલનું લક્ષ્ય ગુજરાતમાં આવી રહેલી પેટાચૂંટણીઓમાં કોંગ્રેસને વિજેતા બનાવવાનું છે.
- હું ૨૦૨૨ પહેલા ગુજરાતના ૧૬૦૦૦ ગામડાઓમાં ફરીશ અને પાર્ટીના કાર્યકર્તાઓને મળીશ અને ગ્રામ્ય સ્તરથી પાર્ટીને મજબૂત કરીશ. અમે સમાજના ઉપેક્ષિત વર્ગો, ખેડૂતો અને યુવાનોનો અવાજ બનીશું.
- ગુજરાતમાં ભાજપની સરકાર દ્વારા મારી સામે કરવામાં આવેલ ખોટા કેસના કારણે કદાચ બની શકે કે હું ચૂંટણી ન લડી શકું. જોકે હું ચૂંટણી લડવા પર નહીં પણ ૨૦૨૨માં કોંગ્રેસને વિધાનસભા ચૂંટણીમાં ભવ્ય વિજય અપાવવા માટે ફોકસ કરી રહ્યો છું.
- મને પક્ષના તમામ વરિષ્ઠ નેતાઓનો સહયોગ અને માર્ગદર્શન છે. મારી પાસે એક ક્લિયર વિઝન છે અને અમે બધા સાથે મળીને કરીશું અને ભાજપને ચોક્કસ પણ રાજ્યમાં અને દેશમાં બંને જગ્યાએ હરાવીશું.
- પહેલા હું સામાજીક આગેવાન હતો. હવે હું રાજકીય આગેવાન છું. હવે હું દરેકનો અવાજ છું. હું બેરોજગાર યુવાનો, ખેડૂતો, મહિલાઓ અને જેમને પણ જરુરિયાત છે તે દરેક માટે કામ કરતો રહીશ. હું જ્ઞાતિ અને ધર્મના ભેદભાવ કરતો નથી.

## રૂપાલ ગામમાંથી બે ડફેર બંદુક સાથે ઝડપાયા

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીક આવેલા રૂપાલ ગામની સીમમાંથી દેશી બનાવટની બંદુક તેમજ છરી સાથે બે ડફેરને પેથાપુર પોલીસે પકડી પાડ્યા છે. પોલીસે ઝડપી પાડેલા આરોપી પાસેથી રૂ.૨ હજારની કિંમતની દેશી બનાવટની બેરલવાલી બંદુક, રૂ.૨૦૦ ની કિંમતનું ચપ્પુ, મોબાઈલ અને બાઈક મળીને કુલ રૂ.૩૩,૨૦૦ નો મુદ્દામાલ પોલીસે કબ્જે કરી હથીયારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

પેથાપુર પીએસઆઈ એ.જી.એનુરકારને બંદુક સાથે ત્રણ શખ્સો નીકળવાના હોવાની બાતમી મળી હતી. જેને પગલે પોલીસે રૂપાલથી આમજા જતા માર્ગ પર બાઈકને રોકવા માટે ઈશારો કર્યો હતો. પરંતુ બાઈક ચાલકે બાઈક ઉભુ રાખવાની જગ્યાએ દોડાવી મુકયું હતું. જેથી બાઈક રૂપાલ ગામની સીમમાં પ્રવેશતા જ એક દિવાસ સાથે અથડાઈને ઉભુ રહી ગયું હતું. જેને પગલે બાઈકની પાછળ બેઠેલા બે શખ્સો ઉતરીને ભાગવા લાગ્યા હતા. તેમાંથી પોલીસે એક શખ્સને બાઈક ચાલકને પોલીસે પકડી પાડ્યા હતા. પોલીસે પુછપરછ કરતા તેઓ મહેસાણાના નંદાસણ પાસે કાચા છાપરામાં રહેતા સલીમ ઈબ્રાહીમભાઈ સીંધી અને શબ્બીર ગુલુભાઈ સીંધી હોવાનું સામે આવ્યું હતું. જયારે ભાગી છુટવામાં સફળ થયેલો શખ્સગફુર ગુલુભાઈ સીંધી હોવાનું જણાવ્યું હતું. જયારે પોલીસે પકડાયેલા આરોપીઓ પાસેથી રૂ.૨ હજારની બંદુક, રૂ.૨૦૦ નું ચપ્પુ, મોબાઈલ અને બાઈક મળીને કુલ રૂ.૩૩,૨૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

## કપાસ-ગુવારની ખેતીમાં ઘટાડાનો ટ્રેન્ડ તો તેલિબિયાના પાકોમાં વૃદ્ધિનો ટ્રેન્ડ નોંધાયો

**મગફળીના વાવેતરમાં ૧૦૦ ટકાથી વધુ વૃદ્ધિ જોવા મળી : સોયાબીન અને અન્ય તેલીબિયાની પણ વાવણી થઈ : ગત વર્ષની તુલનામાં આ સમયગાળામાં વરસાદ વધુ**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં સમયસર ચોમાસાના આગમનની સાથે સાથે સમયસર વરસાદ પણ નોંધાતાં જિલ્લાના ખેડૂતોમાં ખુશીનો માહોલ જામ્યો છે. જિલ્લામાં આ વખતે ખરીફ ઋતુની વાવણીમાં પણ વૃદ્ધિ થવાના સંકેતો મળી રહ્યા છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૪૫ ટકા જેટલા વિસ્તારમાં ખરીફ વાવણીનું કાર્ય સંપન્ન થયું છે. છેલ્લા બે-ત્રણ દિવસથી વરસાદના હળવા ઝાપટાઓ પછી વાવણી કાર્ય વધુ એક વખત વેગીલી બન્યુ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૬૫ હજાર હેક્ટરમાં વાવણી કાર્ય સંપન્ન થયુ છે.

જિલ્લામાં ૧૦ જુલાઈ સુધીમાં ૧૬૩ મિ.મિ. જેટલો વરસાદ થઈ ચુક્યો છે. જેમાં સૌથી વધુ દહેગામમાં ૨૭૨ મિ.મિ., માણસામાં ૧૬૪ મિ.મિ. તો કલોલમાં ૧૦૭ મિ.મિ. અને ગાંધીનગરમાં ૧૦૯ મિ.મિ. જેટલો વરસાદ થતાં ખેડૂતોમાં આ વખતે વાવણીને લઈ અનેરો ઉત્સાહ જોવા મળી છે.

૨૦૧૯માં આ જ તારીખ સુધીમાં જિલ્લામાં ૧૨૭ મિ.મિ. વરસાદ થયો હતો જ્યારે આ વખતે તેમાં ૪૦ મિ.મિ. વધુ વરસાદ થતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો હોવાનું મનાઈ રહ્યું છે.

જિલ્લામાં ડાંગરના પાકનું ૩૧૦૨ હેક્ટરમાં, બાજરીનું ૧૧૨૪ હેક્ટરમાં, જુવારના પાકનું ૫૬ હેક્ટરમાં વાવેતર થયુ છે. મગ, મઠ, અડદ જેવા કઠોળ પાકોનું વાવેતર જિલ્લામાં અંદાજે ૩૦૦ હેક્ટરમાં થયુ છે.

જિલ્લામાં મગફળીનું વાવેતર ૧૨,૧૯૭ હેક્ટરમાં, તલનું વાવેતર ૬૩ હેક્ટરમાં, સોયાબીનનું વાવેતર ૪૩ હેક્ટરમાં અન્ય તેલિબિયાનું ૧૩ હેક્ટરમાં વાવેતર થતાં પાક પેટર્નમાં બદલાવ જોવા મળી રહ્યો છે.

જિલ્લાનો મુખ્ય પાક ગણાતા કપાસનું વાવેતર ૧૭,૫૫૨ હેક્ટરમાં જ જોવા મળ્યુ છે. જો કે ગુવારનું વાવેતર પણ ૯૩૬ હેક્ટરમાં જ હજુ જોવા મળ્યુ છે. આ બન્ને પાકના વાવેતર વિસ્તારમાં આ વખતે ઘટાડાનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. શાકભાજીનો પાક જે રોકડિયો પાક ગણાય છે તે ૭૫૩૪ હેક્ટરમાં જોવા મળ્યો છે. ગાંધીનગર, દહેગામ અને માણસામાં શાકભાજીનું વાવેતર સારૂ થયુ છે.

પશુધન માટે ઘાસચારાનું વાવેતર પણ ૧૯,૯૫૦ હેક્ટર જેટલા વિસ્તારમાં થતાં આ વખતે ખેડૂતોને સારી એવી રાહત થશે તેમ જાણવા મળેલ છે. ખેતી સાથે પશુપાલન પણ ખેડૂતો દ્વારા કરવામાં આવી રહ્યું છે.

# ‘આયો કહાં સે ઘનશ્યામ’: MLA બન્યાં પહેલાં CM બની ગયા, બહુમત છતાં ચીમન પટેલ નડી ગયા

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

ગુજરાતના ઈતિહાસમાં સૌ પ્રથમ એવી ઘટના બની હતી કે લોકસભાના સાંસદ અને કેન્દ્રીય ઉદ્યોગ રાજ્યમંત્રી ગુજરાતમાં મુખ્યમંત્રી પહેલાં બની ગયા અને પછી ધારાસભ્ય તરીકે ચૂંટાઇ આવ્યા હતા. ગુજરાતના આ રાજનેતા તે સમયે પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની અત્યંત નિકટ હતા. આ રાજનેતા એટલે ગુજરાતના ચોથા મુખ્યમંત્રી ઘનશ્યામ ઓઝા... સંજોગોએ તેમને મુખ્યમંત્રી

### નાસ્તા પર પ્રતિબંધ મૂકી દેતાં “ચપટી ચેવડા”ના કારણે ઘનશ્યામ ઓઝાની મુશ્કેલીઓ વધી

બનાવ્યા હતા. તે સમય એટલે કે ૧૯૭૨માં ગુજરાત વિધાનસભાનું સંખ્યા બળ ૧૮૨ નહીં પરંતુ ૧૬૮ હતું. આ સંખ્યાબળમાં કોંગ્રેસના ૧૪૦ સભ્યો, સંસ્થા કોંગ્રેસના ૧૬, જનસંઘના ૩, સામ્યવાદી પક્ષના ૧ અને ૮ અપક્ષો હતા. ઈન્દિરાની પસંદ ઘનશ્યામ ઓઝાના મંત્રીમંડળમાં નવ મંત્રીઓ અને નવ નાયબ મંત્રીઓ હતા. મંત્રીમંડળની સોગંદવિધિ ૧૭મી માર્ચ-૧૯૭૨ના રોજ કરવામાં આવી હતી. ઘનશ્યામ ઓઝાના મંત્રીમંડળના સંસદીય બાબતોના મંત્રી ચીમનભાઈ પટેલે પક્ષમાં પોતાની બહુમતિ છે તેવી ઝૂંબેશ ઉપાડતાં અને તે અંગે પોતાનો વિરોધ વ્યક્ત કરતાં દિલ્હીથી પરત આવતાં અમદાવાદ હવાઈ મથક પર જ ઘનશ્યામ ઓઝાએ પોતાની સરકારના રાજીનામાની જાહેરાત કરી હતી.

**ઝસ્ના ઉમેદવાર આયાત થતાં છાપાંમાં સૂત્ર લખાયાં...**

૧૯૭૨ની ચૂંટણી બાદ ગુજરાત વિધાનસભામાં કોંગ્રેસ પક્ષને રતુભાઈ અદાણીના નેતૃત્વ હેઠળ મોટી બહુમતી મળી હતી, પરંતુ મુખ્યમંત્રીના પદ માટે એકમતિ ન સધાતા કોંગ્રેસ પક્ષે વડાપ્રધાન ઈન્દિરા ગાંધીને મુખ્યમંત્રીપદના ઉમેદવારનું નામ સૂચવવા જણાવતા તેઓએ પસંદગીનો કળશ ઘનશ્યામ ઓઝા પર ઢોળ્યો હતો. તેઓ ત્યારે કેન્દ્ર સરકારમાં રાજ્યકક્ષાના મંત્રી તરીકે ફરજ બજાવતાં હતા. એ વખતે વિધાનસભાના સભ્ય પણ તેઓ ન હતા. આથી વર્તમાનપત્રોમાં બહારની વ્યક્તિને લાવવા માટે ‘આયો કહાં સે ઘનશ્યામ !દ્ગ તેવા મથાળા બંધાયા હતા. ઘનશ્યામ ઓઝા વિધાનસભાના સભ્ય નહીં હોવાથી દહેગામના ધારાસભ્ય ડો.મનહરલાલ શાહે રાજીનામું આપી તેમના માટે બેઠક ખાલી કરી આપી હતી.

### રેકડીવાળાને એક પોલીસ ડંડા ફટકારતો જોઇ કહ્યું ‘મારા રાજ્યમાં ગરીબોની આવી કનડગત?

**રસ્તા પરનું દ્રશ્ય જોઇ પોલીસ પર પગલાં લીધાં...**

ઘનશ્યામ ઓઝા એક ખૂબ જ સાલસ અને સરળ સ્વભાવના વ્યક્તિ હતા. તેઓ સૌરાષ્ટ્ર સરકારમાં પણ મંત્રીપદે રહી ચૂક્યા હતા. મુંબઈ રાજ્યની રચના થતાં મંત્રી મટી જતાં તેઓ રાજકોટ રેસકોર્સમાં પગે ચાલીને ફરવા જતા. મુખ્યમંત્રી બન્યા બાદ તેઓ ગાંધીનગર થી અમદાવાદ જતા હતા ત્યારે તેમણે આશ્રમરોડ ઉપર એક દ્રશ્ય એવું જોયું કે તેમનું હૃદય દ્રવી ઉઠ્યું હતું... એક પોલીસવાળો રેકડીવાળાને ડંડા ફટકારતો હતો. આ જોઈને તેઓ તુરત જ બોલી ઉઠ્યા હતા કે ‘મારા રાજ્યમાં ગરીબ માણસોને આવી રીતે કારણ વગર કનડગત થાય છે. તેમણે ગાંધીનગર આવીને તે પોલીસ કર્મચારી ઉપર પગલાં ભરવાનો આદેશ આપ્યો હતો.

**રાજ્યમાં મફત માધ્યમિક શિક્ષણના પ્રણેતા રહ્યાં...**

ઘનશ્યામ ઓઝાના મંત્રીમંડળમાં મંત્રી પદે ફરજ બજાવતાં ચીમનભાઈ પટેલ શરૂઆતથી મુખ્યમંત્રીપદ માટે પોતાનો દાવો કરી રહ્યાં હતા. ઘનશ્યામ ઓઝાના નેતૃત્વ સામે આંગળી ચિંધી તેઓ આ અંગે અવારનવાર પક્ષની કેન્દ્રીય નેતાગીરી ઉપર દબાણ લાવતા હતા. અંતે પક્ષની નેતાગીરીએ ગાંધીનગર ખાતે દૂત મોકલી ધારાસભ્યોના વિચારો જાણવા પ્રયત્ન કર્યો હતો. ઘનશ્યામ ઓઝાની સરકાર વખતે સમગ્ર રાજ્યમાં મફત માધ્યમિક શિક્ષણ, શહેરી ટોચ મર્યાદા ધારા તથા પર્યાવરણ અંગે કેન્દ્ર સરકારને રાજ્ય સરકાર વતી કેન્દ્રીય કાયદો ઘડવાની સત્તા આપતો વિધાનસભાનો ગૃહનો ઠરાવ જેવા અગત્યના નિર્ણયો લેવામાં આવ્યા હતા. ચોથી વિધાનસભાના અગત્યના બનાવો પૈકી ઘનશ્યામ ઓઝાની સરકારે ગેસ્ટ કંટ્રોલ ઓર્ડર બહાર પાડી ૨૫થી વધુ વ્યક્તિઓના જમણવાર પર પ્રતિબંધ મુક્યો હતો. તેમના વતન સુરેન્દ્રનગરની જિલ્લા પંચાયતમાં, પંચાયતની બેઠકમાં ૨૫ થી વધુ વ્યક્તિઓને નાસ્તામાં પ્રતિબંધિત વસ્તુઓ આપવા માટે કલેક્ટરે જિલ્લા પંચાયતના પ્રમુખ ઉપર કેસ કર્યો હતો. બીજે દિવસે વર્તમાનપત્રોમાં મથાળા આવેલાં કે ‘ચપટી ચેવડાના કારણે ઓઝા સરકાર મુશ્કેલીમાં મૂકાઈ છે.દ્ગ

**સરદારના કહેવાથી આઝાદી આંદોલનમાં જોડાયા...**

ઘનશ્યામ ઓઝાના પિતા છોટાલાલ ભાવનગરમાં વકીલાત કરતાં હતા. ઘનશ્યામ ઓઝાએ પણ વકીલાતનો અભ્યાસ કર્યો હતો તેથી તેમની સાથે જોડાઈ ગયા હતા. ૧૯૪૧માં સરદાર વલ્લભભાઈ પટેલ ભાવનગરમાં આવ્યા હતા. છોટાલાલ સાથે તેમના નિકટના સબંધ હોવાથી તેઓ આ પરિવારને મળવા તેમના ઘરે ગયા હતા. સરદાર પટેલે ઘનશ્યામ ઓઝાને કહ્યું કે તમારા જેવા ભણેલા-ગણેલા યુવાનોએ દેશની સ્વતંત્રતાના આંદોલનમાં સહયોગ આપવો જોઈએ... ત્યારબાદ તેમણે છોટાલાલને જોઈને કહ્યું કે—છોટાભાઈ, આ છોકરો તમે મને આપી દ્યો... છોટાલાલે આ પ્રસ્તાવનો સ્વિકાર કર્યો અને પછી ઘનશ્યામની રાજનૈતિક સફર શરૂ થઈ હતી. આઝાદી પછી ઘનશ્યામ ઓઝા ૧૯૫૭ થી ૧૯૬૭ સુધી સતત સંસદસભ્ય તરીકે ચૂંટાઇ આવ્યા હતા. ૧૯૭૧માં લોકસભાની ચૂંટણીમાં તેમણે રાજનીતિની કેરિયરમાં લાંબી છલાંગ લગાવી હતી. તેમણે મશહૂર સમાજવાદી નેતા અને સ્વતંત્ર પાર્ટીની ટિકિટ પરથી ચૂંટણી લડેલા મનુ મસાણીને રાજકોટમાંથી હરાવ્યા હતા. આ ચૂંટણીમાં ઓઝાને ૧.૪૨ લાખ મત જ્યારે મનુ મસાણીને ૭૫૦૦૨ મત મળ્યા હતા. આ વિજયથી ઓઝા કોંગ્રેસના હાઈકમાન્ડ અને ઈન્દિરા ગાંધીના પ્રિય બની ગયા હતા. તેમને તેમની સરકારમાં ઉદ્યોગ રાજ્યમંત્રી બનાવ્યા હતા.

**સંસદમાં લશ્કર અંગે બોલ્યા પણ ટીકા થતાં ચૂપ રહ્યાં...**

### ચીન યુદ્ધ દરમિયાન પુત્રને લશ્કરમાં મોકલીને સંસદમાં કહ્યું દેશની સેનાને યુવાનોની જરૂર છે

ઘનશ્યામ ઓછા આઝાદીના આંદોલનમાંથી પ્રગટ થયેલા નેતા હતા અને મહાત્મા ગાંધીના કટ્ટર અનુયાયી હતા. ૧૯૪૨માં ભારત છોડો આંદોલન દરમ્યાન તેમનો ઝૂકાવ કોંગ્રેસ તરફ રહ્યો. તેમને જેલમાં પણ જવું પડ્યું હતું. આઝાદી પછી ઓઝા ૧૯૪૮ થી ૧૯૫૭ સુધી સૌરાષ્ટ્ર લેજિસ્લેટીવ એસેમ્બલીના સભ્ય રહ્યાં હતા. ૧૯૫૭માં તેઓ બોમ્બે પ્રેસિડેન્સીની ઝાલાવાડ બેઠક પરથી ચૂંટાઈને કોંગ્રેસની ટિકીટ પર પાર્લામેટમાં પહોંચ્યા હતા. ૧૯૬૨માં તેઓ સુરેન્દ્રનગરની બેઠક પરથી સાંસદ તરીકે ચૂંટાઇ આવ્યા હતા. તેમના પુત્ર શરદ ઓઝાએ કહેલું કે --- ૧૯૬૨ના ચીન યુદ્ધ દરમ્યાન સંસદનું સત્ર ચાલી રહ્યું હતું. મારા પિતા તેમની બેઠક પર ઉભા હતા. તેમણે તેમના ભાષણ દરમ્યાન કહ્યું હતું કે વધુમાં વધુ યુવાનોએ દેશની સેનામાં સામેલ થવું જોઈએ. આ ભાષણ અંગે એક સભ્યએ જ્યારે એવો વ્યંગ કર્યો કે ધનશ્યામભાઈ પહેલાં તમારા ઘરથી જ શરૂઆત કરો ત્યારે ઘનશ્યામ ઓઝાનો પક્ષ લેતાં રામ મનોહર લોહિયાએ કહ્યું કે—તેમનો પુત્ર ડોકટર છે અને તેઓ પહેલેથી જ તેને સેનામાં મોકલી દીધો છે અને તે મારો મોટોભાઈ રોહિત હતો.

**ચીમનભાઇ પટેલના પંચવટી પ્રકરણમાં ભોગ લેવાયો...**

ઘનશ્યામ ઓઝાના મંત્રીમંડળમાં રતુભાઈ અદાણી બીજા ક્રમે હતા. સૌરાષ્ટ્રના મંત્રીમંડળ, દ્વિભાષી મુંબઈ રાજ્યના મંત્રીમંડળ તેમજ ગુજરાતના પ્રથમ મંત્રીમંડળમાં પણ તેઓ મંત્રી તરીકે રહી ચૂક્યાં હતા. ઘનશ્યામ ઓઝા સરકારમાં તેઓ સંસદીય કામગીરી સંભાળતા હતા. અદાણી રચનાત્મક ક્ષેત્રના અગ્રણી હતા. તેઓ નિષ્ઠાવાન અને મુલ્યવાન રાજનીતિજ્ઞ હતા. ઓછો અભ્યાસ હોવા છતાં વહીવટીતંત્ર પર તેમની ખૂબ જ સારી પકડ હતી. બીજા કુશળ મંત્રી સનત મહેતા હતા. તેઓ અભ્યાસુ અને મહેનતુ વ્યક્તિ હતા. પરંતુ એ વખતે રાજ્યના મંત્રીમંડળને ગુજરાત કોંગ્રેસ પ્રમુખપદની ચૂંટણી અંગેના ઝઘડામાં નજર લાગી ગઈ હતી. સંસદીય બાબતોના મંત્રી ચીમનભાઈ પટેલ મુખ્યમંત્રી બનવા ખૂબ જ અધીરા બની ગયા હતા. તેઓએ કોંગ્રેસપક્ષમાં પોતાની બહુમતી છે તેમ જણાવી હાઈકમાન્ડ સમક્ષ મુખ્યમંત્રી પદનો દાવો રજૂ કરી દીધો હતો. ગાંધીનગર પાસેના પંચવટી ફાર્મને ચીમનભાઈએ અડ્ડો બનાવી દીધું હતું અને ઘનશ્યામ ઓઝાની સરકારને ઉથલાવવાના પેંતરા કરતા હતા. તેમણે ધારાસભ્યો તેમજ ઉદ્યોગપતિઓને આ ફાર્મહાઉસ પર રાખ્યા હતા. પ્રચંડ બહુમતિ ધરાવતી ઘનશ્યામ ઓછાની સરકાર ૧૬ મહિનામાં અલ્પમત થઈ ચૂકી હતી.

**ખટપટ વધી જતાં એરપોર્ટ પર રાજીનામું આપી દીધું...**

રાજકીય કાવાદાવાથી તંગ આવી જઈ દિલ્હીથી અમદાવાદ પરત આવતા ઘનશ્યામ ઓઝાએ તેમના સિનિયર સાથીઓને પણ પુછ્?યા વગર અમદાવાદ વિમાન મથકે જ સપ્ટેમ્બરમાં પોતાના રાજીનામાની જાહેરાત કરી દીધી હતી. અને ૧૭મી જુલાઈ, ૧૯૭૩ના રોજ ચીમનભાઈ પટેલની મુખ્યમંત્રી પદે વરણી કરવામાં આવી હતી. તેમના મંત્રીમંડળમાં ૧૧ મંત્રીઓ, ૩ રાજ્યના મંત્રીઓ અને ૫ નાયબ મંત્રીઓ મળી કુલ ૧૯ મંત્રીઓ હતા. ધારાસભ્ય કાંતિલાલ ઘીયા રાજ્યમાં પ્રથમ વખત નાયબમંત્રી બન્યા હતા. ૨૫મી જૂન ૧૯૭૫માં ઈન્દિરા ગાંધીએ દેશમાં ઈમરજન્સી લગાવી દીધી હતી. આ સમયે ઘનશ્યામ ઓઝાએ ઈન્દિરા ગાંધી સામે મોરચો ખોલ્યો હતો. તેઓ ઈમરજન્સીનો વિરોધ કરતા રહ્યાં હતા. તેમણે તેના વિરોધમાં કોંગ્રેસના સભ્યપદેથી રાજીનામું આપી દેતાં તેમને નજરકેદ કરવામાં આવ્યા હતા. ઈમરજન્સી દૂર થયા પછી તેઓ મોરારજી દેસાઈના નેતૃત્વવાળી જનતા પાર્ટીના સભ્ય બની ચૂક્યાં હતા. ૧૯૭૮માં તેમને રાજ્યસભામાં મોકલી દેવામાં આવ્યા હતા. ૧૯૮૪માં રાજ્યસભાનો કાર્યકાળ પૂર્ણ થયા પછી તેમણે રાજનીતિને અલવીદા કરી દીધી હતી.

**ગુજરાતની ૪૮૭ દિવસ સુધી સેવા કરી હતી...**

ઘનશ્યામ ઓઝાએ ગુજરાતની ૪૮૭ દિવસની સેવા કરી હતી. ચીમનભાઈની સત્તા ભૂખ ન હોત તો ગુજરાત કેળવણીમાં એક વેંત ઉંચું બન્યું હોત પરંતુ ચીમનભાઈ પટેલે એ સમયમાં કોંગ્રેસમાં બળવાના મજબૂત બીજ રોપ્યાં હતા જેનો ભોગ ઘનશ્યામ ઓઝાની સરકાર બની હતી. તેઓ સ્વાતંત્ર્ય સેનાની હતા. આ મૂઠી ઉંચેરા માનવીની રવિવારે પુણ્યતિથિ હતી. ૨૫મી ઓક્ટોબર ૧૯૧૧માં સૌરાષ્ટ્રના ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામમાં જન્મેલા ઘનશ્યામ ઓઝાનું ૧૨મી જુલાઈ ૨૦૦૨માં અવસાન થયું હતું. તેમની ઉંમર ૯૦ વર્ષની હતી. આજે આ મહાન સપૂતને કોંગ્રેસ પણ યાદ કરતી નથી.